પાલનપુર ખાતે યુવકની હત્યા પ્રકરણમાં સ્વ. નીરજને શ્રધ્ધાંજલિ અર્પી સાંત્વના પાઠવતા ડૉ. પ્રવિણ તોગડીયા

શોકાતુર પરિવારને સાંત્વના પાઠવી રૂ. ૧૧ લાખની સહાયની સાથે સ્પેશ્યલ વકીલ આપી કેસ ચલાવવા માંગ

પાલનપુર, તા.૨૨

પાલનપુરના હિન્દુ યુવાનના મુસ્લિમ યુવક દ્વારા અપહરણ અને

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ખંડણી બાદ હત્યાના ઘેરા પ્રત્યાઘાત હિન્દુ સમાજમાં પડયા છે ત્યારે આજે સ્વ. નીરજને શ્રધ્ધાંજલિ આપવા આવી પહોંચેલા વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય મહામંત્રી પ્રવિણ તોગડીયાએ ગૌહત્યા અને હિન્દુઓની હત્યા અંગે ચિંતા જતાવતા મુસ્લિમોની વધતી જતી દાદાગીરી સામે હિન્દુઓને મેદાનમાં આવવાની હાકલ કરી હતી.

પાલનપુર શહેરના ઢુંઢીયાવાડી વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય બાબુલાલ વર્માના આશાસ્પદ દિકરો નીરજ કે જે સિધ્ધપુર એન્જિનીયરીંગ કોલેજમાંથી બી.ઈ.સિવિલમાં અભ્યાસ કરતો હતો. જેના અપહરણ બાદ ખંડણી માંગી તેની હત્યા કરવામાં આવી હતી. જો કે પોલીસે આ ઘટનામાં એક માત્ર મુસ્લિમ આરોપી અશરફખાન મુમનની ધરપકડ કરી છે. આ હત્યાનો ઈરાદો અને તેમાં સંડોવાયેલા અન્ય આરોપીઓને શોધવામાં પોલીસ નિષ્ફળ રહી છે. પોલીસની તપાસ ધીમી ગતિએ ચાલી રહી છે અને આરોપીઓને છાવરવામાં આવી રહ્યા હોવાની રાવ મહામંત્રી પ્રવિણ તોગડીયા સ્વ. નીરજ વર્માના નિવાસસ્થાને આવી પહોંચ્યા હતા. જયાં તેઓએ મૃતક સ્વ. નીરજને શ્રધ્ધાંજલી પાઠવી તેના શોકાતુર પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. બાદમાં તેઓએ બિહારમાં થતી ખંડણીની ઘટનાઓ હવે ગુજરાતમાં પણ સામાન્ય બનતી જતી હોવાનો ઉલ્લેખ કરતા પોતે તબીબ હોઈ પોતાનો મત વ્યકત કરતા આ હત્યા કેસમાં એક આરોપીની સંડોવણી શકય ન હોઈ આ હત્યા કેસમાં સંડોવાયેલા તમામ આરોપીઓને સત્વરે ઝડપી લેવાની માંગ કરી હતી. વધુમાં તેઓએ રાજય સરકાર દ્વારા ભાડાના મકાનમાં રહેતા અને પરીવારના કમાતો એકનો એક દિકરો ગુમાવનાર શોકાતુર પરિવારજનોને તાકીદે રૂ. ૧૧ લાખની સહાય આપવામાં આવે તેવી માંગ કરી હતી.

દરમિયાન આ હત્યા કેસમાં સ્પેશ્યલ વકીલ રોકી તે કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાની માંગ કરી હતી. રાજયમાં વધતી જતી ગૌ અને હિન્દુ હત્યા ઉપરાંત હિન્દુ બેન દિકરીઓના થતા અપહરણ સામે રોષ વ્યકત કર્યો હતો. તેઓએ આ દેશમાં મુસ્લિમોની ચિંતા વધુ થતી હોવાનું જણાવી હિન્દુઓને પોતાની સલામતી માટે જાગૃત થવા આહવાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હિન્દુવાદી સંગઠનોએ પણ આ કેસની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા કરાવી પીડીત પરિવારને ન્યાય આપવાની માંગ કરી હત્યા કેસ પાછળ રહેલા રહસ્યમય તથ્યોને બહાર લાવવાની લાગણી વ્યકત કરી છે ત્યારે આ પ્રકરણ વધુ તુલ પકડે તે પહેલા પોલીસ સક્રિય બની તટસ્થ તપાસ કરી ફરારવારોને નશ્યત કરી તેવી માંગણી જોર પકડી રહી છે.

ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ ખેડબ્રહ્માનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા મહિલા સશક્તિકરણ સંમેલન અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં ગ્રેવિટી ધ સ્કૂલ ઓફ સાયન્સ ખેડબ્રહ્માની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીઓ સેવાંગી પટેલ, બ્રિજલ ભગોરા, દિપિ ઉપાધ્યાયને સને ૨૦૧૨-૧૩ની ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં સર્વોત્તમ માર્ક મેળવ્યા હતા.

જે બદલ સાબરકાંઠા જિલ્લા પ્રભારી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે ટેબલેટ આપી સન્માનવામાં આવ્યા હતા. ત્રણેય વિદ્યાર્થિનીઓને ગ્રેવિટી શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

થાવર ગામમાં વધતી જતી ગંદકીના કારણે ગ્રામજનો ત્રાહિમામ

ધાનેરા તાલુકાના થાવર ગામમાં જયાં જુઓ ત્યાં ગંદકી જ ગંદકી નજરે પડી રહી છે. આ ગંદકીના કારણે ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. થાવર ગામે ગટર અને અન્ય પાણી નિકાલ માટેની સુવિધા ન હોવાથી ઠેર ઠેર ગંદકી થાય છે તેવું ગ્રામજનોએ જણાવ્યું હતું. જેથી થાવર ગામના ગ્રામજનો કહી રહ્યા છે કે અમારા ગામમાં સફાઈ કરાવી ગંદકી દુર કરાવો નહિંતર આ ગંદકીના કારણે જો થાવરમાં કોઈ મોટો રોગચાળો ફાટી નીકળશે તો તેના માટે જવાબદાર તંત્ર જ ગણાશે. (તસવીર : હરેશ જોષી)

પ્રાંતિજમાં જવેલર્સની દુકાનમાંથી ત્રણ ટાબરીયા ચાંદીના દાગીના ભરેલ બેગ લઈ રફૂચક્કર

અંદાજે-૬૦ હજારની કિંમતના ચાંદીના દાગીના ભરેલી બેગ નજર ચુકવી ટાબરીયા લઈ ગયા

પ્રાંતિજ, તા.૨૨

પ્રાંતિજ તાલુકાના મુખ્ય બજારમાં આવેલ સોનીની દુકાનમાંથી આજે ભર બપોરે ત્રણ ટાબરીયાઓએ આવી વેપારીની નજર ચુકવી અંદાજે રૂ. ૬૦હજારની કિંમતના ચાંદીના દાગીના ભરેલી થેલી લઈ રફુચક્કર થઈ ગયા હતા.

પ્રાપ્ત મહિતી અનુસાર પ્રાંતિજ મુખ્ય બજારમાં સ્થિત, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં એક ખોડીયાર જવેલર્સ નામની સોના-ચાંદીની દુકાન આવેલી છે. જયાં દુકાનમાં આજે ત્રણ નાના ટાબરીયા આવી પહોંચ્યા હતા અને દુકાન માલિકને કહ્યું કે 'કાકા તમારા ચંપલ અહીં બહાર પડી ગયા છે' જેથી વેપારી ટાબરીયાઓની વાત સાચી માની છેતરાઈ ગયા હતા અને દુકાનમાંથી બહાર આવી ગયા હતા બસ આ જ સમયે ત્રણેય ટાબરીયાઓએ વેપારીની નજર ચૂકવી દુકાનમાં રહેલ ચાંદીના દાગીના ભરેલો થેલો (અંદાજે કિંમત રૂ. ૬૦,૦૦૦) લઈ રફુચક્કર થઈ ગયા હતા. તુરંત જ વેપારીને જાણ થતાં તેઓ ટાબરીયાની પાછળ જઈ પીછો કર્યો હતો પરંતુ ટાબરીયા ગુમ થઈ ગયા હતા. આમ આ ઘટનાને પગલે સમગ્ર બજારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે આ સંદર્ભે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

ધામણિયામાં નજીવી બાબતે લાકડીઓ ઉછળી, એકનું મોત

ધનસુરા, તા.૨૨

ધનસુરા તાલુકાના ધામણિયા ગામમાં પાણીના બગાડ બાબતે બે ઈસમો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા એક ઈસમે બીજા ઈસમ પર લાકડી વડે જીવલેણ હુમલો કરતા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જયાં સારવાર બાદ મોત નિપજયું હતું. મોત બાદ લાકડી ફટકારનાર ઈસમ ગભરાઈ જવાથી તેણે પણ ઝેરી દવા ગટગટાવી હતી. જેની જાણ ગ્રામજનોને થતા તેને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ ધનસુરા તાલુકાના ધામણિયા ગામે રહેતા ડાહ્યાભાઈ મોહનભાઈ સોલંકી જે ગ્રામ પંચાયતમાં સેવક તરીકે ફરજ બજાવે છે. તેમને ગામમાં રહેતા અને પેઈન્ટીંગનો વ્યવસાય કરતા સુરેશભાઈ અમરાભાઈ ઝાલાને પાણીનો બગાડ ન કરવા માટે ઠપકો આપતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ લાકડીઓ ઉછળી હતી. લાકડી સુરેશભાઈના માથામાં વાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ધનસુરા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસમાં પરિસ્થિતિ ગંભીર જણાતા મોડાસા વધુ સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

સુરેશભાઈના મોતના સમાચાર વાયુ વેગે ગામમાં ફેલાઈ જતા લાકડી ફટકારનાર ડાહ્યાભાઈ ગભરાઈ ગયા હતા. હવે મારું શું થશે? તેવી વિમાસણમાં મુકાઈ ગયા હતા અને તેમણે પણ આ મામલામાંથી બહાર નિકળવાનો રસ્તો બનાવી લઈ ઝેરી દવા ગટગટાવી હતી. જેની જાણ ગ્રામજનોને થતા તાત્કાલિક ૧૦૮માં જાણ કરવામાં આવી હતી. સારવાર અર્થે ધનસુરા રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટનાથી સમગ્ર પંથકમાં હાહાકાર મચી જવા પામ્યો છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડરના બાળકોનું સાયકલનો ઉપયોગ વધારવા ખાસ અભિયાન

ઈડર, તા. ૨૨

યુનિક યુ ઈન્ટરનેશનલ, સ્કૂલ ઈડર પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામના

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ઈન્ડિયા વિઝન ૨૦૨૦ થી પ્રેરિત થઈને શરૂ થયેલી વિશિષ્ઠ સ્કૂલ છે. આ સ્કૂલની વિશેષતા એ છે કે તે ૨૧મી સદીને અનુરૂપ જરૂરી જ્ઞાન કૌશલ્યો અને અભિગમ બાળકોમાં પ્રાથમિક કક્ષાએથી જ વિકસાવી રહી છે. ૨૧મી સદીના જીવન કૌશલ્યો વિકસાવવા માટે આ વર્ષે સ્કૂલમાં બ્રિટીશ કાઉન્સીલનો આઈએસએ (ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ) પ્રોગ્રામ કરવામાં આવ્યો છે. આઈએસએ (ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ) પ્રોગ્રામનો આશય બાળકોમાં અંતરાષ્ટ્રીય દૃષ્ટિકોણ વિકસાવવા જરૂરી આંતરાષ્ટ્રીય સમજ તથા કૌશલ્યો વિકસાવવાનો છે. આઈએસએ (ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ)ના અંતર્ગત સ્કૂલમાં થયેલ ૭ પ્રોજેક્ટમાંથી એક પ્રોજેક્ટ 'લેટ્સ' પ્રેશર્વ પ્લાન્ટ અર્થ છે.

જુલાઈથી ડિસેમ્બર-૨૦૧૩ સુધીમાં વિવિધ પ્રવૃત્તિઓ હવામાન અને પર્યાવરણ સાથે સંકળાયેલી કરવામાં આવી. બાળકોમાં કાગળ, પાણી અને વીજળીની બચત માટે સમજ આધારિત સંવેદનશીલતા વધારવામાં આવી.

યુનિક યુ ના બાળકો વૃક્ષોનું વાવેતર કરવા, વીજળી બચાવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા જરૂરી અભિયાનો કર્યા. બાળકોએ એમાય શક્ય હોય તેટલી બાબતો પોતે અમલમાં મુકી, કુટુંબ અને પડોશીઓ પાસે અમલ કરાવી.

ફેબ્રુઆરી ૨૦૧૪માં સાયકલનો ઉપયોગ વધારવા ખાસ અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત યોજવામાં આવ્યો હતો. બાળકોમાં સ્કૂલમાં આવવા જવા સાયકલનો ઉપયોગ શરૂ કર્યો છે અને અન્ય નાગરિકોને શક્ય હોય ત્યાં સાયકલનો

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ઉપયોગ વધારી ખનીજ તેલની બચતમાં અને પ્રદૂષણ અટકાવવા સમજાવ્યા હતા.

ઈડરરમાં ઉનાળામાં ગરમી વધારે પડે છે. ૧૫ માર્ચ ૨૦૧૪ પછી બાળકોએ એર કૂલર અને પંખાઓનો ઉપયોગ કરકસર પૂર્વક કરવા નાગરિકોને સમજાવ્યા છે.

સમગ્ર વિશ્વ જ્યારે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓનો સામનો કરી રહી છે ત્યારે યુનિક યુ સ્કૂલના બાળકો ધરતી માતાના સંવર્ધનનો આ પ્રયોગ ખરેખર પ્રશંસનીય છે. મારા બાળકે મને ઘરે વીજળીની બચત કરવા અને પાણી બચાવવાના કારણો અને ઉપાયો બતાવ્યા ત્યારે મને ખુબ આનંદ થયો હતો. શાળાના શિક્ષકોને ખૂબ ધન્યવાદ છે. આ પ્રતિભાવ હિતના પિતા શ્રી રાહુલભાઈ જાનીએ (ઈડર) આપ્યો હતો. આ પ્રોજેક્ટ ભાવી પેઢીને સ્વચ્છ અને હરિયાળી ધરતી માતા આપવા માટે ખુબ જ ઉપયોગી છે. ધરતી માતાના સંવર્ધનમાં જ આપનું ભવિષ્ય છે. એ આપણે દરેકે ખુબ જ સારી રીતે સમજી લેવું જરૂરી છે.

બનાસડેરી દ્વારા કાતરવા અને દાંતા ખાતે દૂધ દિન તથા મહીલા જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરી

પાલનપુર, તા. ૨૨

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના સૌજન્યથી બનાસ ડેરી દ્વારા કાતરવા અને દાંતા શીત કેન્દ્ર ખાતે દૂધ દિન તેમજ મહિલા જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં દૂધ સભાસદ ભાઈઓ અને બહેનોએ હાજરી આપી પોતાની ખુશાલી વ્યકત કરી હતી. આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે શોભાવ્યું હતું. એસ.એસ. વિભાગના માનજીભાઈ ધુળીયાએ સર્વેનું સ્વાગત કરવા સાથે બના ડેરીની વિવિધ યોજના અને વિકાસની માહિતી આપી હતી, તેમજ ડી.એચ. વિભાગના મેનેજર ડૉ. એન.એમ. દેશમુખ અને ડૉ. સી.પી. નિકમે આધુનિક પશુપાલન અને પશુ સંવર્ધન વિશે સવિસ્તાર માહિતી આપી હતી. તેમજ ડૉ. હરીભાઈએ પશુઆહાર સમતોલન વિશે માહિતી આપી હતી.

સંઘના એમડી સંજય કરમચંદાનીએ પોતાના વક્તવ્યમાં દૂધ ઉત્પાદન વધારવા સાથે સાથે દૂધની ગુણવત્તા જાળવી રાખવા પર ભાર મુક્યો હતો અને દૂધ મંડળીમાં કોઈપણ પ્રકારની ભેળસેળ વગરનું

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દૂધ ભરાવવાનો અનુરોધ કર્યો હતો.

બનાસ ડેરીની વિકાસ ગાથાને પોતાની લાક્ષણિક અદામાં વર્ણવતા અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતાં ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે દેશી ગાય આપણી લક્ષ્મી કહેવાય છે, આપણી કાંકરેજ ગાયના આખલા ક્રોલા સરકાર લઈ ગયેલ છે, તેનું સંવર્ધન કરી સારૂ દૂધ ઉત્પાદન કરતી ઓલાદ પેદા કરે છે. તો આપણે કાંકરેજ ઓલાદની ગાયનું જતન કરી ઉચ્ચ સંવર્ધન કરીએ તેઆપણા ફાયદામાં છે. જિલ્લાના દરેક દૂધ સભાસદોને એક કાંકરેજ ગાય રાખવાનું સુચન કર્યું હતું. આ ઉપરાંત દૂધ મંડળીનો વહીવટ વધુ પારદર્શક રીતે થાય તેના ઉપર ભાર મુક્યો હતો. સામાન્ય રીતે શિયાળામાં દૂધ સંપાદન વધવાને કારણે દૂધના ભાવ ઓછા થાય છે પરંતુ આપણે દૂધના ભાવમાં ઉત્તરોઉત્તર વધારો કર્યો છે અને આવતી પહેલી તારીખથી રૂ. ૧૦ વધારો કરી રૂ. ૫૨૦ પ્રતિ કીલોફેટે ચુકવવામાં આવશે. બનાસ ડેરી દ્વારા દૂધના પોષણક્ષમ ભાવ આપવા સાથે દૂધ ઉત્પાદકોના જીવનમાં સામાજિક અને આર્થિક ઉન્નતિ થાય તે માટે ડેરીએ અમલમાં મુકેલ યોજનાઓની ઉંડાણપૂર્વક માહિતી આપી હતી.

આ પ્રસંગે કાતરવા ખાતે પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, માનસુંગભાઈ પટેલ, કાળુભાઈ દેસાઈ તથા દાંતા ખાતે બનાસ ડેરીના બોર્ડ ડીરેક્ટર બલવંતસિંહ બારડ તથા સામાજીક અગ્રણી નૂરભાઈ ઉમતિયા, ગલબાજી વાઘેલા, શામજીભાઈ પટેલ, દાંતા તાલુકા પ્રમુખ એલ.કે. બારડ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કર્યા હતા અને ચેરમેન પરથીભાઈ ભટોળના પારદર્શક વહીવટ તથા દિર્ઘ દૃષ્ટિએ આયોજનને બિરદાવ્યુ હતુ. બનાસ ડેરી દ્વારા જિલ્લાકક્ષાએ વર્ષ ૨૦૧૩ માટે આયોજીત દૂધ હરિફાઈના ઈનામો વિજેતાઓને અર્પણ કર્યા હતા.

એએમટીએસ બસના હવે રિંગ રેડીયલ રૂટ શરૂ થશે

અમદાવાદની જીવાદોરી સમાન એએમટીએસ બસના હવે ત્રણ નવા રિંગ રેડિયલ રૂટ શરૂ કરવાનો મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોએ નિર્ણય લઈ લીધો છે. આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં મ્યુનિ. સત્તાધીશો વાળાએ એક નવા જ પ્રકારના રિંગ રેડિયલ કન્સેપ્ટની જાહેરાત કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના એએમટીએસના ચેરમેન બાબુલાલ ઝડફિયા આગામી મહિનામાં ૧લી માર્ચથી રિંગ રેડિયલ કન્સેપ્ટને અમલમાં મુકવા જઈ રહ્યા છે. જેમાં મુસાફરોને ઓડિયો-વિડિયો સિસ્ટમ અને ઈ-ટિકિટીંગ જેવી સુવિધાનો લાભ મળશે અનેસ્વચ્છ કપડા ધરાવતા કન્ડક્ટર અને ડ્રાઈવર જોવા મળશે. રિંગ રેડિયલ રૂટ બસમાં મુસાફરી કરતાં મુસાફરોને દર આઠ મિનીટે આ રૂટમાં બસ મળશે જેથી મુસાફરોને વધારે પડતી રાહ જોવી નહીં પડે. આ બસને દિવસમાં બે વાર સાફ કરવામાં આવશે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં મુસાફરો માટે ત્રણ રિંગ અને ૧૮ રેડિયલ રૂટની જાહેરાત કરાઈ હતી, પરંતુ પ્રથમ તબક્કામાં એક રિંગ અને ત્રણ રેડિયલ રૂટ ચાલુ કરવામાં આવશે. જેમાં ૮૦ કિમીનો સમાવેશ કરવામાં આવશે.

મોડાસાની ત્રણ શાળામાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી

મોડાસા, તા. ૨૨

મોડાસા ખાતેની વી.એસ. શાહ પ્રા. શાળા, એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય અને કરિમિયાહ ગર્લ્સ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજી માતૃભાષા પ્રત્યે પ્રેમ અને મહત્વ સમજે તે માટે માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

તા. ૨૧મી ફેબ્રુઆરી માતૃભાષા દિવસ તરીકે મનાવવામાં આવે છે. મોડાસાની ત્રણ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ત્રિવેણી સંગમ સમો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં માતૃભાષાના તજજ્ઞો મૌલિક વક્તવ્યો આપવામાં આવ્યા હતા. ડૉ. મરીનાબેન અને ડૉ. સંતોષ દેવકરે વિવિધ ગુજરાતી સાહિત્યકારોની માતૃભાષા પ્રત્યેનો પ્રેમ જણાવ્યો હતો. અધ્યક્ષ નિલેષભાઈએ વિદ્યાર્થીઓને જણાવ્યુ હતુ કે જે ભાષામાં સપનું આવે તે ભાષામાં ભાગવું જોઈએ. આ કાર્યક્રમમાં આચાર્ય જયેશભાઈ ઉપાધ્યાય, સાનમ શેખ, તારીખ મલેક, નાનાલાલ પ્રજાપતિ અને લતીફભાઈ ઝાઝ ઉપસ્થિત રહેશે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન